# ખટોદરામાં સાત વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યું

**માતા** બાળકીને નવડાવતી વખતે ઈજાના નિશાન દેખાતાં સમગ્ર ઘટના બહાર આવી

સુરતઃ ખટોદરાના ઔધોગિક વિસ્તારમાં માતા-પિતા સાથે રહેતી સાત વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરાયું હોવાની ફરિયાદના પગલે પોલીસે ૨૨ વર્ષીય શ્રમિકની ધરપકડ કરી છે.

માતા બાળકીને નવડાવતી વખતે તેના શરીર પર ઈજાના નિશાન જોવા મળતાં પૂછપરછ કરતાં આરોપી છેલ્લા દોઢ મહિનાથી બાળકી સાથે અયોગ્ય વર્તન કરતો હતો અને તા.૧૧ સપ્ટેમ્બરે તકનો લાભ લઈ તેને કારખાનાના રૂમમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હોવાનું બાહર આવ્યું હતું.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર પીડિત બાળકીના માતા-પિતા રાયકા સર્કલ પાસે આવેલા જરી યુનિટમાં મજૂરી કામ કરે છે. બાળકી નાની હોવાથી તેની માતા તેને પોતાની સાથે જ કામના સ્થળે લઈ જતી હતી. શુક્રવારે (૧૧ સપ્ટેમ્બર) દિવસ દરમિયાન જ્યારે માતા-પિતા કામમાં વ્યસ્ત હતા, ત્યારે બાળકી કારખાનાની બહારના ભાગે રમતી હતી.

આ સમયગાળા દરમિયાન ત્યાં જ કામ કરતો ૨૨ વર્ષીય યુવક ધીરેન ઉર્ફે બાબુ જયસેન ડાકુઆ (રહે. પાંડેસરા, મૂળ વતન- ઓડિશા) તેને કારખાનામાં આવેલા કપડાં બદલવાના રૂમમાં લઈ ગયો હતો. જ્યાં તેણે બાળકી સાથે દુષ્કર્મ આચરીને શારીરિક ઈજા પહોંચાડી હતી.

સાંજે ઘરે પહોંચ્યા બાદ માતા જ્યારે બાળકીને નવડાવતી હતી ત્યારે તેના શરીર પર ઈજાના નિશાનો મળી આવ્યા હતા. તેની પૂછપરછ કરતા બાળકીએ આપવીતી જણાવી હતી અને વધુમાં ખુલાસો કર્યો હતો કે આરોપી છેલ્લા દોઢેક મહિનાથી તેની સાથે અડપલાં કરી હેરાન કરતો હતો.

# 1 ઈંચ વરસાદમાં ઉધનારોડ બેસી ગયો

**મનપાની** બેદરકારીથી વાહનચાલકોના માથે અકસ્માતનો તોળાતો ખતરો

**વ્યસ્ત** માર્ગ પર છેલ્લા બે દિવસથી ગટરની ચેમ્બર તૂટેલી અને ખુલ્લી હાલતમાં



સુરત : મહાનગરપાલિકાના ઉધના ઝોન વિસ્તારમાં પ્રશાસનની ઘોર બેદરકારી ફરી એકવાર છતી થઈ છે. સુરત શહેરમાં રાત્રિ દરમિયાન પડેલા વરસાદના કારણે ઉધના ગામ મેઇન રોડ તેમજ ઉધના-નવસારી માર્ગ પર રોડ બેસી જવાની ગંભીર ઘટના સામે આવી છે. ધોધમાર વરસાદને પગલે ડામરનો રોડ ધસી પડતાં માર્ગ પર મોટો ખાડો પડી ગયો હતો, જેના કારણે ભરચક વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બનાવની જાણ થતાં છેવટે તંત્ર સફાળું જાગ્યું હતું અને મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે રોડનું સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું.

જોકે, માત્ર રોડ બેસી જવો એટલી જ સમસ્યા નથી ઉધના દરવાજાથી નવસારી બજાર તરફ જવાના મુખ્ય જાહેર માર્ગ પર ગટરના ચેમ્બરનું ઢાંકણું તૂટી ગયેલી હાલતમાં જોવા મળ્યું છે. સ્થાનિક નાગરિકો અને વેપારીઓના જણાવ્યા અનુસાર, આ જોખમી ઢાંકણું છેલ્લા બે દિવસથી આ જ સ્થિતિમાં યથાવત્ પડ્યું છે.

વ્યસ્ત માર્ગની વચ્ચે ખુલ્લું અને તૂટેલું ચેમ્બર ગમે તે ક્ષણે કોઈ નિર્દોષ વાહનચાલકનો ભોગ લઈ શકે તેમ છે. આ સ્થિતિને પગલે સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું પાલિકાનું તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને અથવા કોઈનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યું છે?

કરોડો રૂપિયાના બજેટ અને પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓ વચ્ચે ઉધના વિસ્તારમાં સર્જાયેલી આ બેદરકારીએ SMCના અધિકારીઓની પોલ ખોલી નાખી છે. સ્થાનિકોએ વહેલી તકે ખુલ્લા અને જોખમી ચેમ્બરનું કાયમી સમારકામ કરવાની માંગ ઉઠાવી છે.

# પર્યુષણનો સાતમો દિવસ વિશેષ આત્મચિંતનનો દિવસ છે




પર્યુષણ પર્વના સાતમા દિવસે શ્રાવકો દ્વારા ક્રોધ, માન, માયા અને લોભ જેવા કષાયોને મંદ કરવા માટે વિશેષ આત્મચિંતન કરવામાં આવે છે. દેરાસરો અને ઉપાશ્રયોમાં સામાયિક, પ્રતિક્રમણ, જપ-તપ અને સ્વાધ્યાયની પ્રવૃત્તિઓ ખૂબ જ ઉત્સાહથી થાય છે. આ દિવસે ઘણા શ્રાવકો અઠ્ઠાઈ (આઠ દિવસના ઉપવાસ), આયંબિલ, એકાસણા કે અન્ય વિશેષ તપ અને પ્રત્યાખ્યાન (સંકલ્પ) કરે છે. આ દિવસ આઠમા અને અંતિમ દિવસ એટલે કે 'સંવત્સરી' (ક્ષમાપના દિવસ) પહેલાં મનને પવિત્ર અને હળવું કરવાનો અવસર છે.

# શ્રીજીની સ્થાપના સાથે 80 હજાર મૂર્તિઓની થશે આરાધના

**સોમવારે** 14 સપ્ટેમ્બરે શહેરના 7 હજારથી વધુ મંડપોમાં વિઘ્નહર્તા બિરાજશે

12 દિવસ સુધી ગલી-મહોલ્લા અને સોસાયટીઓમાં ગુંજશે 'ગણપતિ બાપ્પા મોરિયા'નો નાદ

### ગણેશ ચતુર્થીએ સવારે 11.05થી 1.35 વાગ્યા સુધી ગણેશ સ્થાપનાનું શુભ મુહૂર્ત

ગણેશ ચતુર્થીના પાવન પર્વે તા. 14 સપ્ટેમ્બરે ગણેશજીની સ્થાપના માટે સવારે 11.05થી બપોરે 1.35 વાગ્યા સુધીનું શુભ મુહૂર્ત રહેશે. જ્યોતિષ હંસરાજ મહારાજના જણાવ્યા મુજબ ગણેશ ચતુર્થી તિથિ 14 સપ્ટેમ્બરે સવારે 7.08 વાગ્યાથી શરૂ થઈ 15 સપ્ટેમ્બરે સવારે 7.49 વાગ્યા સુધી રહેશે. આ દરમિયાન શ્રદ્ધાળુઓ વિધિવત્ પૂજન-અર્ચન સાથે ગણેશજીની સ્થાપના કરી શકશે. ગણેશોત્સવને લઈને ભક્તોમાં અત્યારથી જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સુરત : ગણેશ ચતુર્થીના પાવન પર્વે આગામી સોમવારે તા. 14 સપ્ટેમ્બરે સુરત શહેરમાં શ્રીજીની સ્થાપના અને સાથે ગણેશોત્સવનો પ્રારંભ થશે. શહેરના ગલી-મહોલ્લાથી લઈને સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારો સુધી ગણેશ ભક્તોમાં ઉત્સાહનો માહોલ જોવા મળશે. વિવિધ ગણેશ મંડળો દ્વારા મંડપોને ભવ્ય રીતે શણગારવામાં આવ્યા છે, જ્યારે શ્રીજીની સ્થાપનાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સ્થાપના બાદ આગામી 12 દિવસ સુધી વિઘ્નહર્તાની પૂજા-અર્ચના, આરતી અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોથી શહેર ગણેશમય બની રહેશે.

સુરતના અલગ-અલગ વિસ્તારોમાં નાના-મોટા મળી અંદાજિત 10 હજારથી વધુ ગણેશ મંડપો તૈયાર કરવામાં આવ્યા છે. જાહેર મંડપોમાં બિરાજનારી વિશાળ મૂર્તિઓ ઉપરાંત સોસાયટીઓ અને ઘરોમાં સ્થાપિત થનારી નાની મૂર્તિઓ સહિત શહેરમાં અંદાજે 80 હજાર જેટલી શ્રીજીની મૂર્તિઓની 12 દિવસ સુધી ભક્તો દ્વારા શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરવામાં આવશે. ગણેશોત્સવને લઈને શહેરના મંડપોમાં આકર્ષક ડેકોરેશન અને વિવિધ ધાર્મિક તથા સામાજિક થીમ તૈયાર કરવામાં આવી છે. તા. 14 સપ્ટેમ્બરે સ્થાપના બાદ આગામી 12 દિવસ દરમિયાન મહાઆરતી, પ્રસાદ વિતરણ સહિતના કાર્યક્રમો યોજાશે. સાંજના સમયે શ્રીજીના દર્શન માટે મંડપોમાં ભક્તોની ભારે ભીડ ઉમટશે. શ્રીજીની સ્થાપના સાથે જ સુરતના રસ્તા, સોસાયટીઓ અને મંડપોમાં 'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષ ગુંજી ઊઠશે અને અનંત આનંદ ચતુર્થી સુધી શહેરમાં ભક્તિ તથા ઉત્સવનો માહોલ છવાયેલો રહેશે.

## વરસાદ વચ્ચે સુમુલ ડેરીના કંડમ ટેમ્પોમાં આગ

સુરત : વસ્તાદેવડી રોડ પર આવેલી સુમુલ ડેરીના પાર્કિંગમાં એક ટેમ્પોમાં આગ લાગી હોવાનો કોલ રાત્રે 11.55 કલાકે ફાયર કંટ્રોલ રૂમને મળ્યો હતો. જોકે, ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલાં જ ભારે વરસાદના કારણે ટેમ્પોમાં લાગેલી આગ ઓલવાઈ ગઈ હતી. ફાયર સબ ઓફિસર કાંતિ ભગેરીયાએ જણાવ્યું હતું કે, પાર્કિંગમાં રાખવામાં આવેલો આઈસર ટેમ્પો સુમુલ ડેરીમાં દૂધની સપ્લાઈ માટે ઉપયોગમાં લેવાતો હતો, પરંતુ હાલ તે કંડમ અવસ્થામાં હોવાથી પાર્કિંગમાં પડેલો હતો. ટેમ્પોના કેબિનમાં આગ લાગી હતી અને તેના આગળના ભાગમાં આગની જ્વાળા જોવા મળી હતી.

# ચોકના હેડકોન્સ્ટેબલ ફોન પર વાત કરતાં કરતાં ઢળી પડ્યા

**રવિન્દ્ર** સાહેબરાવનું હાર્ટ એટેકથી મોત થયાની શક્યતા, ઘરે ગાર્ડ ઓફ ઓનર અપાયું

સુરતઃ ભરીમાતા રોડ પર ચોક બજાર પોલીસ સ્ટેશનના 53 વર્ષીય હેડ કોન્સ્ટેબલનું અચાનક બેભાન થઈ ઢળી પડ્યા બાદ મોત નીપજ્યું હતું. બાઈક સાઈડમાં પાર્ક કરીને ફોન પર વાત કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક ઢળી પડતાં ઘટનાસ્થળે દોડધામ મચી ગઈ હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્રના વતની રવિન્દ્રભાઈ સાહેબરાવ પાટીલ (ઉં.વ.53) હાલ અલથાણ કેનાલ રોડ પર આવેલા વેકેન્ઝા હોમમાં પરિવાર સાથે રહેતા હતા. તેઓ ચોક બજાર પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેમને બે પુત્ર અને એક પુત્રી છે. રવિન્દ્રભાઈ છેલ્લા ઘણા સમયથી બ્લડપ્રેશરની બીમારીથી પીડાતા હતા. કાલે બપોરના સમયે રવિન્દ્રભાઈ બાઈક લઈને ભરીમાતા ખાતે રહેતા મિત્રને મળવા માટે નીકળ્યા હતા. દરમિયાન ભરીમાતા રોડ પર તાપી નદીના પાળા નજીક તેમણે બાઈક સાઈડમાં પાર્ક કરી હતી અને ફોન પર વાત કરી રહ્યા હતા. વાતચીત દરમિયાન અચાનક તેઓ બેભાન થઈ જમીન પર ઢળી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. 108ની ટીમ સ્થળ પર પહોંચીને તપાસ કરતાં ઈએમટી કર્મચારીએ રવિન્દ્રભાઈને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક રીતે હાર્ટ એટેકના કારણે તેમનું મોત થયું હોવાની શક્યતા છે. રવિન્દ્રભાઈના નિધનથી પોલીસ પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. તેમના પાર્થિવદેહને ઘરે લાવવામાં આવ્યા બાદ પોલીસ વિભાગ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી તેમને અંતિમ સન્માન આપવામાં આવ્યું હતું.

### એક સમયે 900થી વધુ હાલ 500 જેટલી બસ ઓનરોડ

# ખાડીપુરમાં ક્ષતીગ્રસ્ત થયેલી 43 બસો હજુ પણ રીપેર નથી થઈ

50 ટકાથી વધુ બસો બંધ છતાં શાસકોના આંખ પર પાટા

સુરત : જુલાઈના પ્રારંભમાં આવેલા ખાડીપૂર બાદ સુરત શહેરની જાહેર પરિવહન વ્યવસ્થા હજુ પણ સંપૂર્ણપણે પાટે ચડી શકી નથી. ખાડીપૂરના પાણીમાં ગરકાવ થઈ ક્ષતિગ્રસ્ત થયેલી 84 સિટી અને ઈલેક્ટ્રિક બસોમાંથી બે મહિના કરતાં વધુ સમય વીતી ગયા છતાં માત્ર 41 બસોને જ રિપેર કરીને રસ્તા પર દોડતી કરવામાં આવી છે. એટલે કે 43 બસો આજે પણ ડેપોમાં ધૂળ ખાઈ રહી છે. બસોની આટલી મોટી સંખ્યા બંધ હોવા છતાં સુરત મનપા સંચાલિત સિટીલિંક તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં નિષ્ફળતા સામે હવે ગંભીર સવાલો ઊભા થયા છે. કેમકે એક સમયે સુરતમાં 900થી વધુ બસો દોડતી હતી હાલ માત્ર 500 બસો ઓન રોડ ફરી રહી છે. વધુ ચોંકાવનારી બાબત એ છે કે બસોની અછતનો સીધો માર મુસાફરો કરતાં પણ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને મહિલાઓને પડી રહ્યો છે.

### 10 મીનીટે બસ મળતી હતી ત્યા હાલ 30 મીનીટે મળે છે

મળતી માહિતી મુજબ છ રૂટ પર 70 ટકા અને છ રૂટ પર આંશિક ફ્રીકવન્સી ખોરવાઇ છે. જેના કારણે સામાન્ય દિવસોમાં જ્યાં 10થી 15 મિનિટના અંતરે બસ મળતી હતી ત્યાં હવે મુસાફરોને 30 મિનિટથી એક કલાક સુધી રાહ જોવી પડે છે.

### 6 મુખ્ય રૂટ પર સૌથી વધુ અસર

રૂટ 11-ઉધના દરવાજા-સચિન
રૂટ 12- સરથાણા-ઓએનજીસી
રૂટ 15-અલથાણ ડેપો-સર્ક્યુલર
રૂટ 16- કોસાડ-સચિન જીઆઈડીસી
રૂટ 17- પાલ-કામરેજ
રૂટ 23-સચિન-કામરેજ

### રાહ જોતા હોવા છતાં બસ રોકાતી નથી : વિદ્યાર્થી

વિદ્યાર્થી સંજય મીશ્રાના જણાવ્યા મુજબ, ઘણી વખત બસ સ્ટોપ પર વિદ્યાર્થીઓ ઊભા હોવા છતાં બસ રોકાતી નથી અને સીધી આગળ નીકળી જાય છે.કેમકે ખીચોખીચ ભરેલી હોય છે. પરિણામે વિદ્યાર્થીઓને આગામી બસની રાહ જોવી પડે છે.

### સિનિયર વિદ્યાર્થીઓ જુનિયરો વિદ્યાર્થીઓને હેરાન કેમ કરે છે?

# 'સાહેબગીરી' નહીં, સેવા કરો..'હું પોતે પણ સાહેબગીરી નથી કરતો'

**નવી** સિવિલના કાર્યક્રમમાં આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાનું રેગિંગ મુદ્દે કડક નિવેદન



સુરત : નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી કિડની બિલ્ડિંગ ખાતે અદ્યતન આરોગ્ય સેવાઓ અને સુવિધાઓનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવી સિવિલ હોસ્પિટલમાં વધારવામાં આવેલી આરોગ્ય સુવિધાઓ અંગે તબીબો અને હોસ્પિટલ તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. દરમિયાન આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ મેડિકલ કોલેજો અને છાત્રાલયોમાં થતા રેગિંગના મુદ્દે કડક શબ્દોમાં નિવેદન આપ્યું હતું.

પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, "સાહેબગીરી ન કરો, હું પોતે પણ નથી કરતો. સિનિયર વિદ્યાર્થીઓ પોતાના જ જુનિયર સાથીઓને હેરાન-પરેશાન કરે એ યોગ્ય નથી."તેમણે કહ્યું હતું કે મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ડોક્ટર બનવાના છે. સમાજમાં ડોક્ટરોને ઊંચું સ્થાન અને માન-સન્માન મળે છે ત્યારે આવા વિદ્યાર્થીઓ દ્વારા જ જુનિયરોને શારીરિક કે માનસિક રીતે પરેશાન કરવામાં આવે તે અત્યંત શરમજનક બાબત છે. આપણી સંસ્કૃતિ જીવદયા અને કરુણાનો સંદેશ આપે છે. નાનામાં નાના જીવનું પણ રક્ષણ કરવાની પરંપરા ધરાવતા સમાજમાં એક માણસ બીજા માણસને દુઃખ કે પીડા પહોંચાડે તે સ્વીકાર્ય નથી. નવી સિવિલ હોસ્પિટલ દર્દીઓ માટે મંદિર સમાન છે, જ્યાં હજારો લોકો દુઃખ નિવારણ માટે આવે છે. આવા સેવા ધામમાં નકારાત્મક પ્રવૃત્તિઓને બદલે સેવા, સમર્પણ અને દર્દીઓના કલ્યાણની ભાવના કેન્દ્રસ્થાને હોવી જોઈએ.

### રેગિંગ વિવાદ બાદ રજા પર ઉતરેલા ડીનની અચાનક એન્ટ્રીથી નવી સિવિલમાં ચર્ચા

નવી સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં રેગિંગના મુદ્દે સર્જાયેલા વિવાદ બાદ આજના લોકાર્પણ કાર્યક્રમમાં મેડિકલ કોલેજના ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટની અચાનક હાજરી ચર્ચાનો વિષય બની હતી. રેગિંગના વિવાદ બાદ ડીન રજા પર ઉતરી ગયા હતાં. આરોગ્ય મંત્રી સુધી વાત પહોંચ્યા બાદ ડીન તાત્કાલિક રજા રદ કરી ફરજ પર પરત ફર્યા હતાં. જોકે ત્યારબાદ થોડા દિવસો બાદ તેઓ ફરી રજા પર ઉતરી ગયા હતા. આવી સ્થિતિ વચ્ચે આજે નવી સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગ ખાતે યોજાયેલા અદ્યતન આરોગ્ય સુવિધાઓના લોકાર્પણ કાર્યક્રમમાં ડો. જયેશ બ્રહ્મભટ્ટ અચાનક હાજર થતાં હોસ્પિટલ કેમ્પસમાં અનેક ચર્ચાઓએ સ્થાન લીધું હતું. ખાસ કરીને કાર્યક્રમ દરમિયાન આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ પોતાના સંબોધનમાં રેગિંગ મુદ્દે જ કડક શબ્દોમાં નિવેદન આપતાં ડીનની હાજરી વધુ ચર્ચાસ્પદ બની હતી.

### સેવાભાવ, ટીમવર્ક અને માનવીય અભિગમ સિવિલ પરિવારની આગવી ઓળખ છે : હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, નવી સિવિલ હોસ્પિટલમાં દરરોજ ૪૫૦૦થી ૫૦૦૦ દર્દીઓ OPD મારફતે સારવાર મેળવે છે. ૧૫૦૦ બેડની હોસ્પિટલમાં દર્દીઓને સારવાર આપવા માટે સિવિલની તબીબી, નર્સિંગ અને સહાયક ટીમ દિવસ-રાત અડીખમ સેવા આપી રહી છે. ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવનારા દર્દીઓ કરતાં પણ વધુ દર્દીઓને સિવિલમાં સારવાર આપી સ્વસ્થ કરીને ઘરે મોકલવામાં આવે છે. સિવિલમાં એવા નિરાધાર દર્દીઓ પણ આવે છે જેમનો પરિવાર તેમની સાથે હોતો નથી. આવા દર્દીઓ માટે નર્સિંગ સ્ટાફ પરિવારના સભ્યની જેમ સેવા કરે છે. કોરોના મહામારી દરમિયાન સ્ટેમસેલ અને કિડની બિલ્ડિંગમાં ઝડપથી કોરોના વોર્ડ ઉભા કરીને દર્દીઓની સારવાર કરનાર તબીબી અને નર્સિંગ ટીમની કામગીરીને પણ તેમણે બિરદાવી હતી. ઓર્ગન ડોનેશન ટીમની કામગીરીને બિરદાવતા તેમણે કહ્યું કે, સિવિલ હોસ્પિટલની ટીમે અનેક લોકોને જીવનદાન આપવાનું માનવીય કાર્ય કર્યું છે. સેવાભાવ, ટીમવર્ક અને માનવીય અભિગમ સિવિલ પરિવારની આગવી ઓળખ છે.

## NRI ના બંધ મકાનમાં ચોરી કરવા ઘૂસેલો તસ્કર જાળીમાં ફસાયો

સુરત : નાના વરાછામાં અલંગ ફર્નિચરની બાજુમાં આવેલી રાજારામ નગર સોસાયટીમાં અમેરિકામાં રહેતા કિશોરભાઈનું મકાન લાંબા સમયથી બંધ છે. મોડી રાત્રે એક તસ્કરે આ મકાનને નિશાન બનાવી અંદર પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. તસ્કર મકાનની બહાર લગાવેલી જાળીમાંથી અંદર જવા પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે વચ્ચે જ ફસાઈ ગયો હતો. અનેક પ્રયાસો કરવા છતાં તે જાળમાંથી બહાર નીકળી શક્યો ન હતો. બીજી તરફ, સવારે સોસાયટીના એક સભ્યની નજર જાળીમાં ફસાયેલા તસ્કર પર પડતાં તેણે અન્ય સભ્યોને જાણ કરી હતી. ત્યારબાદ સોસાયટીના લોકો ઘટનાસ્થળે એકત્ર થયા હતા અને ભારે જહેમત બાદ તસ્કરને જાળમાંથી બહાર કાઢ્યો હતો.

# મોબાઈલ એલર્ટની મદદથી વેસુમાં ચોર ઝડપાયો

**બાલ્કનીમાંથી** માલિકની કાર પર પથ્થરમારો કરી કાચ તોડ્યો

**ઝાડ** પરથી નીચે કૂદતા જ વેસુ પોલીસે પકડી પાડ્યો

સુરત : વેસુમાં મોબાઈલ એલર્ટની મદદથી એક ચોર પકડાઈ ગયો હતો.

ઉધનામાં રહેતા દિપ નિલેશભાઈ અગ્રવાલ વેસુમાં 'સંપૂર્ણ બેને' નામે રેસ્ટોરન્ટ પણ ચલાવે છે. ગત તા. ૧૧/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે સાડા સાત વાગ્યે તેમના ઓફિસ મેનેજર ઈશ્વરભાઈ દેસાઈ રાબેતા મુજબ ઓફિસ બંધ કરીને ગયા હતા. દરમિયાન મોડી રાત્રે આશરે સવા બે વાગ્યાના અરસામાં દિપભાઈના મોબાઈલમાં ઓફિસના સિક્યોરિટી કેમેરામાંથી 'હ્યુમન ડિટેક્ટ'નું નોટિફિકેશન આવ્યું હતું. તેમણે તુરંત મોબાઈલમાં લાઈવ કેમેરા ફૂટેજ ચેક કરતા સફેદ-બ્લુ ચેક્સ શર્ટ અને બ્લેક પેન્ટ પહેરેલો એક અજાણ્યો શખ્સ ઓફિસની સ્લાઈડર બારી તોડી અંદર પ્રવેશ કરી સરસામાન ફંગોળતો નજરે પડ્યો હતો. દિપભાઈએ તુરંત ઘરેથી જ ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરી હતી અને પોતે પોતાના નાના ભાઈ મિત અગ્રવાલ સાથે પોતાની ટાટા હેરીયર કાર (GJ-21-CD-3332) લઈને ઓફિસ પહોંચ્યા હતા. ઓફિસ પહોંચતા જ ચોરે બાલ્કનીમાંથી તેમને જોઈ પથ્થરમારો કર્યો હતો, જેમાં હેરીયર કારનો આગળનો કાચ તૂટી જતાં આશરે રૂપિયા ૧૨,૦૦૦નું નુકસાન થયું હતું. તે જ સમયે ઘટનાસ્થળે પહોંચેલી વેસુ પોલીસની ગાડી જોઈને ચોરે ઓફિસની પાછળના ભાગે આવેલા ઝાડ પરથી નીચે કૂદીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પટકાતા જ પોલીસે તેને સ્થળ પર જ દબોચી લીધો હતો.

આ પહેલા પણ અનેક ચોર આ રીતે મોબાઈલ એલર્ટને કારણે ઝડપાઈ ચૂક્યા છે. થોડા સમય પહેલા તો પાલ વિસ્તારમાં એક પરિવાર બહારગામ હતો ત્યાં તેમને મોબાઈલથી એલર્ટ મળ્યું હતું અને તેના આધારે પોલીસને જાણ કરવામાં આવી હતી. તે સમયે પણ ચોર પકડાઈ ગયો હતો આમ હાલમાં નવી નવી ટેકનોલોજીને કારણે પણ ચોર પકડાઈ રહ્યાં છે.

# લોખંડના સાધનથી સગીરને ઈજા કરનાર કિશોર તકસીરવાર

**અન્ય** આરોપો પુરાવાના અભાવે ફગાવાયા, સુધારણાના અભિગમ સાથે પ્રોબેશન પર મુક્તિ

સુરતઃ સુરત જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે ક્રિમિનલ કેસમાં લોખંડના સાધનથી સગીરને ઈજા પહોંચાડવાના કેસમાં કિશોરને તકસીરવાર ઠેરવ્યો છે. જ્યારે આરોપો પૂરતા અને વિશ્વસનીય પુરાવાથી સાબિત ન થતાં કિશોરને આ આરોપોમાં શંકાનો લાભ આપવામાં આવ્યો છે.

કેસની હકીકત મુજબ 3 ડિસેમ્બર, 2023ના રોજ બોલાચાલી બાદ કિશોરે શિવમના માથાના ભાગે લોખંડના સાધનથી માર મારતાં તેને ઈજા થઈ હતી. કેસમાં ફરિયાદી, ઈજા પામનાર તથા અન્ય સાક્ષીઓના નિવેદનો સાથે તબીબી પુરાવા પણ રજૂ કરાયા હતા. બોર્ડે પુરાવાનું મૂલ્યાંકન કર્યા બાદ ઈજા પહોંચાડવાનો આરોપ વ્યાજબી શંકાથી પર સાબિત થયો હોવાનું માન્યું હતું. કેસની સુનાવણી પ્રિન્સિપાલ મેજિસ્ટ્રેટ કનિષા પાઠક તથા બોર્ડના સભ્યો ડૉ. અનિષા મહિડા અને ડૉ. પરેશ કાકડિયાની બોર્ડ સમક્ષ થઈ હતી.

ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલ મનીષ રાણપરાએ દલીલો કરી હતી. સજા અંગે બોર્ડે કિશોરની બનાવ સમયે 13 વર્ષ 11 માસની ઉંમર, હાલ ધોરણ-12 કોમર્સમાં અભ્યાસ, સામાજિક પૃષ્ઠભૂમિ તથા બનાવ બાદ અન્ય કોઈ ગુનો નોંધાયો ન હોવા સહિતના સંજોગો ધ્યાનમાં લીધા હતા. જુવેનાઈલ જસ્ટિસ કાયદાના સુધારાત્મક અને પુનઃસ્થાપનાત્મક અભિગમને ધ્યાનમાં રાખી બોર્ડે કિશોરને પ્રોબેશન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

## માન્યા ડુક્કર અને બંટી દયાવાન સામે વધુ એક ગુનો

સુરત : ભાજપના કાર્યકર જય દલાલની ચર્ચિત હત્યા કેસમાં ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડેલા કુખ્યાત આરોપી મન્યા ડુક્કર અને તેના સાગરીતોનો આતંક અટકવાનું નામ નથી લઈ રહ્યો. આ ગુનાઈત મનોવૃત્તિ ધરાવતા માથાભારે શખ્સો વિરુદ્ધ હવે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ખંડણી, લૂંટ અને ધમકીનો વધુ એક ગંભીર ગુનો દાખલ થયો છે. કાળા રંગની થાર ગાડીમાં આવીને એક ગરીબ ટેક્સટાઇલ મજૂરને ઘેરી લઈ જાનથી મારી નાખવાની ધમકી આપી તેની પાસેથી રોકડ રકમ પડાવી લેવાના મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં માન્યા ડુક્કર ઉપરાંત બંટી દયાવાન સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# તાપી નદીમાં ગણપતિની મૂર્તિનું વિસર્જન રોકવા માટે રજૂઆત

**સુરત** સિટીઝન કાઉન્સિલના ચેરમેન શરદ કાપડિયાએ મુખ્યમંત્રી સહિત તંત્રને પત્ર લખ્યો

સુરતઃ ગણેશોત્સવ-2026ને લઈને સુરત સિટીઝન કાઉન્સિલ ટ્રસ્ટે તાપી નદીના પ્રદૂષણને અટકાવવા તથા ઉત્સવ દરમિયાન ટ્રાફિક, ધ્વનિ પ્રદૂષણ અને કાયદો-વ્યવસ્થાના પ્રશ્નો ન સર્જાય તે માટે કડક નિયમોના અમલની માંગ કરી છે. ટ્રસ્ટના ચેરમેન શરદ કાપડિયાએ ગુજરાતના મુખ્યમંત્રી, સુરત મ્યુનિસિપલ કમિશનર, સુરત જિલ્લા કલેક્ટર અને શ્રી ગણેશ ઉત્સવ સમિતિના પ્રમુખ સહિત સંબંધિત સત્તાવાળાઓને રજૂઆત કરી છે.

રજૂઆતમાં ગુજરાત હાઇકોર્ટના અગાઉના આદેશો, CPCBની માર્ગદર્શિકા તથા NGTના આદેશોને અનુરૂપ જાહેરનામું બહાર પાડવાની માંગ કરવામાં આવી છે. ખાસ કરીને ગણેશજીની મૂર્તિઓ માટે માટી તથા બાયોડિગ્રેડેબલ સામગ્રીનો ઉપયોગ પ્રોત્સાહિત કરવા અને પ્લાસ્ટર ઓફ પેરિસ (PoP) તથા અન્ય બિન-વિઘટનશીલ સામગ્રીના ઉપયોગને અટકાવવા ભાર મૂકાયો છે.

### ખજોદ ડમ્પિંગ સાઇટ કાયમી બંધ કરવા માસ્ટર પ્લાન

# ખજોદના કચરા માટે કંપનીઓ સાથે એમઓયુની કવાયત

**દરિયાઇ** માર્ગનો ઉપયોગ કરી, એક સીમેન્ટ કંપની માસિક 50 હજાર મેટ્રિક ટન RDF લેવા તૈયાર

સુરત : શહેરના કચરા નિકાલની સૌથી મોટી સમસ્યા બની ગયેલી ખજોદ ડિસ્પોઝલ સાઇટને હવે કાયમી ધોરણે બંધ કરવા માટે સુરત મહાનગરપાલિકાએ માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. મનપાના પ્લાન મુજબ ખજોદ ખાતે હાલ પડેલા અંદાજે 10થી 12 લાખ ટન કચરામાંથી 3થી 4 લાખ ટન RDF તૈયાર કરવામાં આવશે અને તેનો ઉપયોગ સિમેન્ટ ઉદ્યોગમાં બળતણ તરીકે કરાવવામાં આવશે. જેના માટે ગુજરાતની અગ્રણી સીમેન્ટ કંપનીઓ એલ એન્ડ ટી અને અદાણી સહીતની કંપનીઓ સાથે મનપાએ વાટાઘાટો કરી છે. ખજોદ સાઈટ લાંબા સમયથી સુરત મનપા માટે માથાનો દુખાવો બની છે. શહેરમાંથી દરરોજ નીકળતા ઘન કચરાના નિકાલ માટેની આ સાઈટ પર વર્ષોથી કચરો એકઠો થતો રહ્યો છે. પરિણામે સાઈટ પર કચરાના વિશાળ ઢગલા ઊભા થયા છે. જો સમયસર આ કચરાનો નિકાલ નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં સુરતને પણ વડોદરા કે અમદાવાદ જેવી ડમ્પિંગ સાઈટ અને કચરાના પહાડની સમસ્યાનો સામનો કરવો પડે તેવી સ્થિતિ ઊભી થઈ શકે તેમ છે.

### 12 લાખ ટન કચરામાંથી 4 લાખ ટન RDF બનશે

મનપાના પ્લાન પ્રમાણે ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર હાલ રહેલા અંદાજે 12 લાખ મેટ્રિક ટન કચરાનું પ્રોસેસિંગ કરવામાં આવશે. તેમાં રહેલા ઉપયોગી અને બળતણ તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવા ભાગને અલગ કરીને RDF તૈયાર કરવામાં આવશે. અંદાજ મુજબ કુલ કચરામાંથી 3થી 4 લાખ મેટ્રિક ટન RDF મળી શકે છે. આ RDFનો સીધો નિકાલ કરવાને બદલતેનો સિમેન્ટ ઉત્પાદનમાં વૈકલ્પિક બળતણ તરીકે ઉપયોગ થાય તે માટે મનપાએ દેશની ટોચની સિમેન્ટ કંપનીઓ સાથે વાટાઘાટો શરૂ કરી છે.